તા.૨૭/૦૯/૨૦૨૩
સામાન્ય સભા

આજ રોજ તા.૨૭/૦૯/૨૦૨૩ નાં રોજ પલસાણા ગ્રામ પંચાયત તા. પલસાણાની સામાન્ય સભા સરપંચશ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ આહિર નાં અધ્યક્ષપણા હેઠળ ગ્રામ પંચાયત કચેરી, પલસાણા ખાતે બપોરે ૧૨-૦૦ કલાકે મળી જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓની હાજરીમાં થયેલ સભાની કાર્યવાહી નોંધ

**હાજર સભ્યો:-**

(૧)શ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ આહિર — સરપંચશ્રી
(૨)શ્રી દિનેશભાઇ છનાભાઇ રાઠોડ — સભ્યશ્રી
(૩)શ્રી દિવ્યેશકુમાર ચંપકભાઇ ઢીંમર — સભ્યશ્રી
(૪)શ્રીમતી કલ્પનાબેન અજયભાઇ પટેલ — સભ્યશ્રી
(૫)શ્રીમતી લક્ષ્મીબેન પ્રફુલભાઇ પટેલ — સભ્યશ્રી
(૬)શ્રીમતી પ્રતિક્ષાબેન મિનેષભાઇ પટેલ — સભ્યશ્રી
(૭)શ્રી પરેશકુમાર હસમુખભાઇ મૈસુરીયા — ઉપસરપંચશ્રી
(૮)શ્રી મહંમદ ઇલ્યાસ અબ્દુલ સમદ શેખ — સભ્યશ્રી
(૯)શ્રી તેજસકુમાર પંકજભાઇ દેસાઇ — સભ્યશ્રી

ઉપર મુજબના તમામ હાજર સભ્યશ્રીઓ હાજર રહેતા કોરમ થવાથી સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કામ નં ૧ ગત સભાની કાર્યવાહી વાંચનમાં લેવા બાબત.
ઠરાવનં ૧ આજની સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધનું વિગતવાર વાંચન કરવામાં આવ્યું. ગત સભાની કાર્યવાહી નોંધ કોમ્પ્યુટરાઇઝડ
તમામ સભ્યોને આપવમાં આવેલ છે. ગત સભાની કાર્યવાહી નોંધ યોગ્ય અને બરાબર હોય આજની સભાએ સર્વાનુમતે બહાલી આપવા સર્વાનુમતે
ઠરાવે છે. “ઠરાવ સર્વાનુમતે મંજુર”

કામ નં.૨ સભ્યશ્રીઓના રજાના રીપોર્ટ મંજુર કરવા બાબત
ઠરાવ નં.૨ આજ રોજની સભામાં કોઇ સભ્યશ્રીનો રજા રીપોર્ટ આવેલ ના હોય રજા મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી. જેની આજની સભાએ નોંધ
લીધી છે. “ઠરાવ સર્વાનુમતે મંજુર”

કામનં ૩ આવેલ અરજીઓનું વાંચન કરવા બાબત.
ઠરાવનં ૩ આજ રોજ મળેલ સભા સમક્ષ નીચે મુજબની અરજીઓનું વિગતે વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ
અરજીવાર નીચે મુજબના ઠરાવ કરવા નિર્ણયો કર્યા.

કામનં ૩/૧ રદ્દ થી મિલ્કતો નામફેર કરવા માટેની અરજીઓ વાંચને લઇ યોગ્ય નિર્ણયો ઠરાવો કરવા બાબત.
ઠરાવનં ૩/૧ આજ રોજ મળેલ સભા સમક્ષ રદ્દ આધારે નામફેર કરવા આવેલ અરજીઓનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભા ચર્ચા વિચારણા કર્યા બાદ નીચે મુજબના રદ્દ આધારે નામફેર કરવા સર્વાનુમતે ઠરાવે છે.

| અનુ | રદ્દ થી વેચાણ લેનાર | રદ્દ થી વેચનાર | રદ્દ નંબર તારીખ | મિલ્કત નંબર સ્થળ ઓળખ (નવો નંબર) |
|---|---|---|---|---|
| ૧ | ટેલર હિતેશભાઇ મનહરભાઇ<br>ટેલર રાજેશકુમાર મનહરભાઇ | લીશીઆ રમણલાલ, બીના રમણલાલ, શાલીની રમણલાલ | ૧૧૨૨૮<br>તા.૦૮/૦૮/૨૦૨૩ | ગામતળ મેન રોડ<br>પલસાણા ગામે મિલકત નંબર-૧૧ (૨૩) |
| ૨ | ચેતના મુકેશ નાયક | લીશીઆ રમણલાલ, બીના રમણલાલ, શાલીની રમણલાલ | ૧૧૨૨૮<br>તા.૦૮/૦૮/૨૦૨૩ | ગામતળ મેન રોડ<br>પલસાણા ગામે મિલકત નંબર-૧૦ (૨૨) |
| ૩ | ભરત જગદીશપ્રસાદ મિમાની | શીલાબેન પરેશભાઇ ઓડ,<br>પરેશભાઇ ઇશ્વરભાઇ ઓડ | ૬૮૫૧<br>તા.૦૮/૦૫/૨૦૨૩ | બ્લોકનં ૨૫૦ પ્લોટનં ૫૮ મકાન મિ.નં ૨૭૮૭ (૯૯૭૯) |
| ૪ | અમિતકુમાર રામભજન કુશવાહા<br>પ્રિયંકા અમિતકુમાર કુશવાહા | ગીરીશભાઇ ગોરધનભાઇ ટીબડીયા, ભૌતિક પ્રવિણભાઇ વેકરીયા | ૧૧૯૩૭<br>તા:૨૩/૦૮/૨૦૨૩ | બ્લોકનં ૫૨૬પૈકી૧ યોગીદર્શન સોસા પ્લોટનં ૪૪થી૪૭ શિવમ રેસીડેન્સી ફ્લેટનં ૫૦૩ મિ નં.-૩૩૨૫/૩૬ (૧૧૨૬૭) |
| ૫ | રાજપુત જગદીશ કલાણભાઇ | અમીત ઓમપ્રકાશ દુબે<br>સત્યપ્રકાશ રામમીલન પાંડે | ૧૦૪૬૭<br>તા.૦૫/૧૦/૨૦૧૫ | બ્લોકનં ૬૪૩ સૂર્યાશી રેસી.પ્લોટનં ૪૭ થી ૫૧ ગ્રા.ફ્લૌર રૂમનં ૨ મિ.નં ૧૯૨૨/૨ |
| ૬ | આરતી સિંહ પરવિન્દ્ર સિંહ<br>પરવિન્દ્ર સિંહ ચન્દ્ર કેતુ સિંહ | હિરલભાઇ રમણીકભાઇ કાકડીયા, રીનાબેન સંજયભાઇ માંગરોળીયા, રંજીતાબેન ઉમેશભાઇ કાકડીયા, રેખાબેન જગદિશભાઇ જસાણી | ૧૩૮૨૫<br>તા.૩૦/૧૨/૨૦૨૧ | બ્લોકનં ૫૨૬પૈ૧ પ્લોટનં ૨૯થી ૩૪ યોગીદર્શન સોસાયટી ગોવર્ધન પેલેસ ફલેટનં ૨૦૪ મિલકત નંબર ૨૭૬૪/૨૦ (૯૬૩૮) |
| ૭ | અજીત ધર્મવિર સિંહ | સુભાષચંદ્ર શ્યામલાલ | ૧૦૮૬૩<br>તા:૧/૦૮/૨૦૨૩ | બ્લોક નંબર-૩૦૫,<br>ગૌરવ ટાઉનશીપ પાકું મકાન મિલ્કત નંબર-૧૬૮૨/૭૩ (૩૦૦૬) |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | સુશીલાબેન દેવાભાઇ પાટીલ<br>પંકજ દેવીદાસ પાટીલ | રૂપાલી મિહિરગીરી ગૌસ્વામી | ૯૫૫૨<br>તા ૦૧/૦૭/૨૦૨૩ | મેઇન રોડ શ્યામ વિલા ,પહેલોમાળ ફ્લેટ નં એ-૧૦૧, મિ.નં ૧૯૪/૧/૧ (૩૨૧) |
| ૯ | રમેશ બાલાભાઇ શિંગડ | નરેશભાઇ લક્ષ્મણભાઇ વાડદોરીયા<br>વિશાલકુમાર ભરતભાઇ ભીમાણી | ૧૧૭૩૫<br>તા.૧૮/૦૮/૨૦૨૩ | બ્લોકનં ૪૮ પ્લોટનં ૪૭ થી ૫૦ અક્ષર પેલેસ ગ્રા.ફ્લોર દુકાનનં એ-ડી-૫ મિ.નં. ૧૯૧૮/૫(૪૨૨૭) |
| ૧૦ | આદિત્ય કિરણ ખાંબેટે<br>અંજલી કિરણ ખાંબેટે<br>કિરણ શ્રીકાંત ખાંબેટે | બિનિતાબેન જીતેન્દ્ર મોદી | ૨૭૨<br>તા.૧૯/૦૧/૨૦૧૩ | બ્લોકનં ૧૮૦ પ્લોટનં ૧૦ ખુલ્લો પ્લોટ મિ.નં ૧૮૨૯/૧૦(૩૮૯૦) |
| ૧૧ | આદિત્ય કિરણ ખાંબેટે<br>અંજલી કિરણ ખાંબેટે<br>કિરણ શ્રીકાંત ખાંબેટે | બિનિતાબેન જીતેન્દ્ર મોદી | ૨૭૩<br>તા.૧૯/૦૧/૨૦૧૩ | બ્લોકનં ૧૮૦ પ્લોટનં ૧૧ ખુલ્લો પ્લોટ મિ.નં ૧૮૨૯/૧૧(૩૮૯૧) |
| ૧૨ | આશાદેવી સુરજપ્રસાદ મિશ્રા<br>સુરજપ્રસાદ ગોમતીપ્રસાદ મિશ્રા | દિલીપભાઇ ગોરધનભાઇ<br>ધીરૂભાઇ પરસોત્તમભાઇ<br>રાજેશભાઇ પરબતભાઇ<br>પરેશભાઇ મનસુખભાઇ | ૫૧૮૮<br>તા.૨૬/૦૩/૨૦૧૯ | બ્લોકનં ૫૨૬પૈ૧ યોગીદર્શન સોસા. પ્લોટનં ૫૭ થી ૫૯ ફ્લેટનં ૧૦૩ મિ.નં ૨૬૨૨/૯ |
| ૧૩ | બંદના કાજલ દે | ચંદ્રાપિડસિંહ રામનરેશસિંહ ક્ષત્રિય | ૧૨૧૨૩<br>તા:૨૯/૦૮/૨૦૨૩ | બ્લોક નંબર-૩૦૫,<br>ગૌરવ ટાઉનશીપ મિલ્કત નંબર-૧૬૮૨/૬૮ (૩૦૦૦) નામ સુધારા નો દસ્તાવેજ |
| ૧૪ | તિવારી શર્મિલા સરવદેવ | દિવ્યાબેન તેજસભાઇ દેસાઇ | ૧૧૫૫૯<br>તા.૨૬/૦૭/૨૦૧૯ | બ્લોકનં ૨૫૦ પ્લોટનં ૪૮ મકાન મિ.નં ૨૭૭૬ (૯૯૬૪) |
| ૧૫ | શૈલેષભાઇ ધિરજભાઇ ભક્ત | મેસર્સ ઓમ સાંઇ ડેવલોપર્સ ભાગીદારી પેઢી | ૯૩૧<br>તા.૨૪/૦૨/૨૦૧૨ | બ્લોકનં ૨૨૦ ઓમસાંઇ રેસી. બિલ્ડીંગ બી દુકાનનં ૫ .મિ.નં ૧૮૦૦/૨૦(૩૬૫૪) |
| ૧૬ | મુકેશભાઇ રાઘવભાઇ બાલધા<br>હરેશભાઇ ધુસાભાઇ ભંડેરી | કિરણબેન ભરતકુમાર રંગરેજ , નેહા બાલક્રિષ્નન | ૭૬૩૩<br>તા:૨૩/૦૫/૨૦૨૩ | બ્લોક નંબર ૫૮૪/અ પ્લોટ નં ૧૫ પ્રવેશ રેસીડેન્સી મિલ્કત નંબર ૨૩૫૨/૦/૧ થી ૨૩૫૨/૩/૭ (૬૦૮૩ થી ૬૧૧૦) |
| ૧૭ | નયનાકુમારી રામકુભાઇ કોટડીયા<br>હેતલબેન હરેશભાઇ ભંડેરી | કિરણબેન ભરતકુમાર રંગરેજ , નેહા બાલક્રિષ્નન | ૭૬૩૪<br>તા:૨૩/૦૫/૨૦૨૩ | બ્લોક નંબર ૫૮૪/અ પ્લોટ નં ૧૬,૧૭ પ્રવેશ રેસીડેન્સી મિલ્કત નંબર ૨૬૭૮/૧ થી ૨૬૭૮/૭૨ (૮૨૯૫ થી ૮૩૬૬) |
| ૧૮ | બોમ્બે કેમિકલ ઇક્વીપ્મેન્ટસ (૧) ગુરવિન્દરસીંગ લુથરા (૨) મનજીતકૌર લુથરા | કપિન્દ્રા ફ્લોરો પોલીમર્સ પ્રા. લિ. ના ડિરેકટર્સ (૧) કિરીટકુમાર ભગુભાઇ પટેલ (૨) કમલેશકુમાર રણછોડભાઇ પટેલ | ૧૦૧૧<br>તા:<br>૧૦/૦૭/૨૦૦૯ | બ્લોક નંબર ૫૬૯ પ્લોટ નંબર-૧૭,૧૮,૧૯ મિલ્કત નંબર-૧૪૦૧ (૧૦૫૩૦) |
| ૧૯ | કમલેશ ગિરિરાજ અગ્રવાલ | જાનકીલાલ બંસીલાલ | ૧૧૬૬૩<br>તા.૧૭/૦૮/૨૦૨૩ | બ્લોકનં ૫૦૮ પ્લોટનં ૨૬,૨૭,૨૮ દુકાન/રૂમો મિ.નં ૩૫૯૭/૧ થી ૩૫૯૭/૪૦ (૧૨૮૫૭ થી ૧૨૮૯૬) |

આમ, ઉપરોક્ત મુજબના રદ્દ આધારે દફતરે ફેરફાર કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે. "ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૨ શ્રી મયુર હરકિશનભાઇ પટેલની બોજો દાખલ કરવા બાબતની અરજી

ઠરાવ નં ૩/૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મયુર હરકિશનભાઇ પટેલ એ ગ્રામ પંચાયત પલસાણા દફતરે ચાલી આવેલ મિલ્કત નંબર-૪૭૬ (જુનો) નવો મિ.નં-૭૬૪ વાળી મિલ્કત પર ધી કડોદરા વિભાગ નાગરિક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડલી લિ. કડોદરા માંથી ₹ ૧૫,૦૦,૦૦૦/- અંકે પંદર લાખ પુરાનું કરજ મેળવેલ છે. જેની નોંધ ગ્રામ પંચાયત દફતરે કરવા અરજ કરેલ છે. સદર અરજી સાથે રજુ થયેલ પુરાવાની રુએ મિલ્કત નંબર-૪૭૬ (જુનો) નવો મિ.નં-૭૬૪ વાળી મિલ્કત પર આજની સભા મજકુર સંસ્થાનો ₹ ૧૫,૦૦,૦૦૦/- નો બોજો દાખલ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૩ શ્રી બુટાસીંઘ રૂમસીંગ ચિતોડીયા ની અરજી

ઠરાવ નં ૩/૩ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી બુટાસીંઘ રૂમસીંગ ચિતોડીયા રહે: મહારાષ્ટ્ર ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૮૪/અ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૧૧૫+૧૧૬ એ દસ્તાવેજ નંબર ૭૮૮૬/૭૮૮૮/૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારૂપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૧ દુકાન અને ૭ રૂમ, પ્રથમમાળે ૮ રૂમ તથા બીજામાળે ૮ રૂમ તથા ત્રીજામાળે ૮ રૂમનું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૩૨ મિલકતો ની કુલ આકારણી રૂા.૧૬,૫૦,૦૦૦/- કરવા અને ૩૨ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે. "ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૪ શ્રી રાજુભાઇ નારણભાઇ સોલંકી ની અરજી.

ઠરાવનં ૩/૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી રાજુભાઇ નારણભાઇ સોલંકી ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલ્કત નંબર- ૨/૩ નારણભાઇ નરસિંહભાઇ સોલંકી ના નામે આવેલ છે.શ્રી નારણભાઇ નરસિંહભાઇ સોલંકી તારીખ:૨૩/૦૬/૧૯૯૭ ના રોજ ભરૂચ મુકામે અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ નારણભાઇ નરસિંહભાઇ સોલંકી નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો ત.ક.મંત્રી ભરૂચ ના બનાવેલ પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી સુમનબેન

નારણભાઇ સોલંકી (પત્ની) મરણ તા ૨૩/૧૨/૨૦૧૮ (૨)શ્રી રાજુભાઇ નારણભાઇ સોલંકી(પુત્ર) હયાત (૩)શ્રી ઉષાબેન નારણભાઇ સોલંકી(પુત્રી) મરણ તા ૧૧/૦૧/૧૯૮૯ ત.ક.મંત્રી સગરામપુરા તા.સુરત શહેર કતારગામ ના બનાવેલ પેઢીનામામાં બતાવેલ વારસોના નામ (૩.૧) શ્રી વિણાબેન ડાહ્યાભાઇ સોલંકી (પૌત્રી) હયાત (૪)શ્રી વિમળાબેન નારણભાઇ સોલંકી (પુત્રી) હયાત (૫)શ્રી શંકરભાઇ નારણભાઇ સોલંકી (પુત્ર) હયાત આમ કુલ ચાર હયાત વારસદારોના નામ દાખલ કરવા અને નારણભાઇ નરસિંહભાઇ સોલંકી નું નામ કમી કરવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૫ શ્રી સોહેલ સુલેમાન વરાછીયા ની અરજી

ઠરાવ નં ૩/૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સોહેલ સુલેમાન વરાછીયા રહે: માખીંગા ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૪૦૫/બ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૨૩+૨૪ સોહેલ સુલેમાન વરાછીયા એ દસ્તાવેજ નંબર ૭૨૩૮/૭૨૩૯/૨૦૨૨ તા ૨૧/૦૫/૨૦૨૨ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે.જે બિલ્ડીંગ નું નામ અલ-કરીમ આપેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારૂપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૧ દુકાન અને ૭ રૂમ, પ્રથમમાળે ૮ રૂમ તથા બીજામાળે ૮ રૂમ તથા ત્રીજામાળે ૮ રૂમ નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૩૨ મિલકતો ની કુલ આકારણી રૂા.૧૬,૫૦,૦૦૦/- કરવા અને ૩૨ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૬ શ્રી હીમાંશુ રામચંદ્ર દેસાઇ ની અરજી.

ઠરાવનં ૩/૬ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી હીમાંશુ રામચંદ્ર દેસાઇ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૭૫૮ (૧)મહેન્દ્ર રામચંદ્ર દેસાઇ (૨)હીમાંશુ રામચંદ્ર દેસાઇ ના નામે આવેલ છે. જે પૈકી અનુ.નં (૧)મહેન્દ્ર રામચંદ્ર દેસાઇ એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૨૫૯૩/૨૦૨૩ તા. ૧૪/૦૯/૨૦૨૩ - રિધ્ધી એમ પટેલ) રૂબરૂ લેખથી શ્રી હીમાંશુ રામચંદ્ર દેસાઇ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૭૫૮ માંથી અનુ.નં નું (૧)મહેન્દ્ર રામચંદ્ર દેસાઇ નામ કમી કમી કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે. "ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૭ શ્રી કાલીબેન બંસીલાલ માલી ની અરજી.

ઠરાવનં ૩/૭ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી કાલીબેન બંસીલાલ માલી ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૫૦ માં આવેલ ગાયત્રી કોમ્પલેક્ષ માં બનેલ રહેઠાણ કે જેની નોંધણી ગ્રામ પંચાયત દફ્તરે મિલકત નંબર ૧૪૫૨/૨૦ હાલ શ્રી કાલીબેન બંસીલાલ માલી ના નામે ચાલે છે. સદર મિલ્કત નેશનલ હાઇવે ઓથોરીટી ઇન્ડીયા તરફથી સંપાદન કરવામાં આવેલ છે. જેથી હાલમાં આ મિલકત હાઇવે ઓથોરીટી દ્વારા તોડી પાડવામાં આવેલ છે. જેથી સદર મિલકતોની આકારણી રદ કરવા અરજ કરેલ છે. જેથી સદર મિલકતોનો જે બાકી વેરો હોય તે ભરપાઇ કરવાની શરતે સભાએ સદર મિલકત નંબરો ગ્રામ પંચાયત દફતરે થી રદ કરવા માટે સર્વાનુમતે ઠરાવે છે. "ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૮ શ્રી બંસીલાલ ભેરાજી માલી ની અરજી.

ઠરાવનં ૩/૮ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી બંસીલાલ ભેરાજી માલી ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૫૦ માં આવેલ ગાયત્રી કોમ્પલેક્ષ માં બનેલ રહેઠાણ કે જેની નોંધણી ગ્રામ પંચાયત દફ્તરે મિલકત નંબર ૧૪૫૨/૨૯ હાલ શ્રી બંસીલાલ ભેરાજી માલી ના નામે ચાલે છે. સદર મિલ્કત નેશનલ હાઇવે ઓથોરીટી ઇન્ડીયા તરફથી સંપાદન કરવામાં આવેલ છે. જેથી હાલમાં આ મિલકત હાઇવે ઓથોરીટી દ્વારા તોડી પાડવામાં આવેલ છે. જેથી સદર મિલકતોની આકારણી રદ કરવા અરજ કરેલ છે. જેથી સદર મિલકતોનો જે બાકી વેરો હોય તે ભરપાઇ કરવાની શરતે સભાએ સદર મિલકત નંબરો ગ્રામ પંચાયત દફતરે થી રદ કરવા માટે સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૯ શ્રી ગુણવંતભાઇ મંગાભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૯ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ગુણવંતભાઇ મંગાભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર-૩૮૫ મંગુ છીબા રાઠોડ, છગન છીબા રાઠોડ ના નામે આવેલ છે.શ્રી મંગાભાઇ છીબાભાઇ રાઠોડ તારીખ:૧૭/૦૩/૨૦૧૯ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ મંગાભાઇ છીબાભાઇ રાઠોડ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી નંદીબેન મંગાભાઇ રાઠોડ(પત્ની) મરણ (૨)શ્રી ગુણવંતભાઇ મંગાભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૩)શ્રી ભરતભાઇ મંગાભાઇ રાઠોડ (પુત્ર) મરણ અપરણિત નિ:સંતાન (૪)શ્રી ધનસુખભાઇ મંગાભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૫)શ્રી ઠાકોરભાઇ મંગાભાઇ રાઠોડ (પુત્ર) (મરણ) તા.૧૭/૧૧/૨૦૧૧ ના રોજ હોવાથી તેમના સીધી લીટીના વારસદારો (૫.૧)શ્રી દક્ષાબેન ઠાકોરભાઇ રાઠોડ (પુત્રવધુ) હયાત (૫.૨)શ્રી રોશનાબેન ઠાકોરભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૫.૩)શ્રી દિપીકાબેન ઠાકોરભાઇ રાઠોડ (પૌત્રી) હયાત આમ કુલ ૫ હયાત વારસદારોના નામ દાખલ કરવા અને મંગાભાઇ છીબાભાઇ રાઠોડ નું નામ કમી કરવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૦ શ્રી પ્રકાશભાઇ ઇશ્વરભાઇ આહિર ની અરજી.

ઠરાવનં ૩/૧૦ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી પ્રકાશભાઇ ઇશ્વરભાઇ આહિર ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૯૬૭ ઇશ્વરભાઇ મકનભાઇ આહિર ના નામે આવેલ છે. શ્રી ઇશ્વરભાઇ મકનભાઇ આહિર તારીખ:૧૦/૦૩/૨૦૨૩ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ ઇશ્વરભાઇ મકનભાઇ આહિર નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા, હક્ક કમીના કરાર રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી મણીબેન ઇશ્વરભાઇ આહિર (પત્ની) હયાત (૨)શ્રી નયનાબેન ઇશ્વરભાઇ આહિર (પુત્રી) હયાત (૩)શ્રી પ્રકાશભાઇ ઇશ્વરભાઇ આહિર (પુત્ર) હયાત આમ ત્રણ નામ દાખલ કરવાના થાય છે. તેમજ જે પૈકી અનુ.નં (૧)શ્રી મણીબેન ઇશ્વરભાઇ આહિર (પત્ની) (૨)શ્રી નયનાબેન ઇશ્વરભાઇ આહિર (પુત્રી) હયાત એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૪૭૦/૨૦૨૩ બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી પ્રકાશભાઇ ઇશ્વરભાઇ આહિર ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ

થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૯૬૭ માં શ્રી પ્રકાશભાઇ ઇશ્વરભાઇ આહિર નું નામ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૧ શ્રી વિભાબેન ગુણવંતભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૧૧ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી વિભાબેન ગુણવંતભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૧૧૧ ગંગાબેન તે ધીરુભાઇ મંછાભાઇ ની વિધવા, બાબુભાઇ ધીરુભાઇ, પાર્વતી ધીરુભાઇ, ગુણવંતભાઇ ધીરુભાઇ, મંજુલાબેન ધીરુભાઇ ના નામે આવેલ છે. શ્રી ગંગાબેન તે ધીરુભાઇ મંછાભાઇ ની વિધવા તારીખ:૨૬/૧૦/૨૦૨૦ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ શ્રી ગંગાબેન તે ધીરુભાઇ મંછાભાઇ ની વિધવા નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા, હક્ક કમીના કરાર રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી પાર્વતીબેન ધીરુભાઇ રાઠોડ (પુત્રી) મરણ તા ૨૩/૦૮/૨૦૧૨ હોવાથી ત.ક.મંત્રી સાયણ ના બનાવેલ પેઢીનામા આધારે તેમના સીધી લીટીના વારસદારો અનુ.નં (૧.૧)શ્રી કલ્પનાબેન નટવરભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૧.૨)શ્રી ભરતભાઇ નટવરભાઇ રાઠોડ (પૌત્ર) હયાત (૧.૩)શ્રી કૈલાસબેન નટવરભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૧.૪)શ્રી ઉમેશભાઇ નટવરભાઇ રાઠોડ (પૌત્ર) હયાત (૨)શ્રી ગુણવંતભાઇ ધીરુભાઇ રાઠોડ (પુત્ર) મરણ હોવાથી તેમના સીધી લીટીના વારસદારો (૨.૧)શ્રી વિભાબેન ગુણવંતભાઇ રાઠોડ (પુત્રવધુ) હયાત (૨.૨)શ્રી હિનાબેન ગુણવંતભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૨.૩)શ્રી નિલેશભાઇ ગુણવંતભાઇ રાઠોડ (પૌત્ર) હયાત (૨.૪)શ્રી વૈશાલીબેન ગુણવંતભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૩)શ્રી બાબુભાઇ ધીરુભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૪)શ્રી મંજુલાબેન ધીરૂભાઇ રાઠોડ (પુત્રી) હયાત આમ દસ નામ દાખલ કરવાના થાય છે. તેમજ જે પૈકી અનુ.નં (૧.૧)શ્રી કલ્પનાબેન નટવરભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૧.૨)શ્રી ભરતભાઇ નટવરભાઇ રાઠોડ (પૌત્ર) હયાત (૧.૩)શ્રી કૈલાસબેન નટવરભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૧.૪)શ્રી ઉમેશભાઇ નટવરભાઇ રાઠોડ (પૌત્ર) હયાત એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૩૧૭૩/૨૦૨૩-બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી તેમજ (૨.૨)શ્રી હિનાબેન ગુણવંતભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૨.૩)શ્રી નિલેશભાઇ ગુણવંતભાઇ રાઠોડ (પૌત્ર) હયાત (૨.૪)શ્રી વૈશાલીબેન ગુણવંતભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૩)શ્રી બાબુભાઇ ધીરુભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૪)શ્રી મંજુલાબેન ધીરૂભાઇ રાઠોડ (પુત્રી) હયાત એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૩૦૮૪/૨૦૨૩-બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી વિભાબેન ગુણવંતભાઇ રાઠોડ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૧૧૧ માં શ્રી વિભાબેન ગુણવંતભાઇ રાઠોડ નું નામ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૨ શ્રી મંજુલાબેન ચંપકભાઇ પટેલ વિગેરે ની અરજી.

ઠરાવનં ૩/૧૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મંજુલાબેન ચંપકભાઇ પટેલ વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૪૮ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૧૪૨+૧૪૩ શ્રી મંજુલાબેન ચંપકભાઇ પટેલ અને ચંપકભાઇ હીરાભાઇ પટેલ એ રજીસ્ટર દસ્તાવેજ નંબર ૧૨૭૩૫/૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ બાંધકામ કરેલ છે. જે બાંધકામની આકારણી કરવા અરજ કરેલ છે.આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ કરવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર એક દુકાન તથા મકાન, પ્રથમમાળે મકાન બીજામાળે મકાન ત્રીજામાળે મકાન નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ ગ્રા.ફ્લોર પર એક દુકાન તથા મકાનની આકારણી રૂા.૩,૫૦,૦૦૦/- કરવા પ્રથમમાળ મકાનની આકારણી ૩૦૦૦૦૦/- કરવા બીજામાળ મકાનની આકારણી ૩૦૦૦૦૦/- કરવા ત્રીજામાળ મકાનની આકારણી ૩૦૦૦૦૦/- કરવા તેમજ ચાર મિલકત નંબરો આપવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૩ છનાભાઇ ડાહ્યાભાઇ રાઠોડ ની અરજી

ઠરાવનં ૩/૧૩ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી છનાભાઇ ડાહ્યાભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૧૧૬૮ છનાભાઇ ડાહ્યાભાઇ રાઠોડ અને ઠાકોરભાઇ ડાહ્યાભાઇ રાઠોડ ના નામે આવેલ છે. જેની આકારણી ગ્રામ પંચાયત દફતરે છાપરું તરીકે થયેલ છે પરંતુ અરજદારે તે સ્થળે દુકાનનું બાંધકામ કરેલ છે. જેની આકારણી કરવા માટે અરજ કરેલ છે. જેથી મિલકત નંબર ૧૧૬૮ માં દુકાન તરીકે ની આકારણી ₹ ૫૦૦૦૦/- કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૪ શ્રી સવિતાબેન ગાંડાભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૧૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સવિતાબેન ગાંડાભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૩૨૮ પૈકી પ્લોટનં ૩૪ જે ગાંડાભાઇ સોમાભાઇ ના નામે આવેલ છે. શ્રી ગાંડાભાઇ સોમાભાઇ તારીખ:૦૬/૦૪/૨૦૦૫ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ ગાંડાભાઇ સોમાભાઇ રાઠોડ નું નામ કમી કરવા અને સદર પ્લોટ પર મકાન બનાવેલ છે જેની આકારણી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા, હક્ક કમીના કરાર રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી સોમીબેન ગાંડાભાઇ રાઠોડ (પત્ની) મરણ તા ૨૩/૦૧/૨૦૧૨ (૨)શ્રી કાળીબેન ગાંડાભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૩)શ્રી સવિતાબેન ગાંડાભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૪)શ્રી નાનુભાઇ ગાંડાભાઇ રાઠોડ (પુત્ર) (મરણ) તા ૨૧/૦૧/૨૦૧૩ હોવાથી તેમના સીધી લીટીના વારસો ના નામ આ મુજબ છે. (૪.૧)શ્રી નયનાબેન નાનુભાઇ રાઠોડ (પત્ની) હયાત (૪.૨)શ્રી નવિનભાઇ નાનુભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૪.૩)શ્રી સોનલબેન નાનુભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૪.૪)શ્રી અનિલભાઇ નાનુભાઇ રાઠોડ (પુત્ર) હયાત આમ વારસોના નામ આવેલ છે. જે પૈકી અનુ. નં (૨)શ્રી કાળીબેન ગાંડાભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૪.૧)શ્રી નયનાબેન નાનુભાઇ રાઠોડ (પત્ની) હયાત (૪.૨)શ્રી નવિનભાઇ નાનુભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૪.૩)શ્રી સોનલબેન નાનુભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૪.૪)શ્રી અનિલભાઇ નાનુભાઇ રાઠોડ (પુત્ર) હયાત એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૩૬૩૩/૨૦૨૩-બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી સવિતાબેન ગાંડાભાઇ રાઠોડ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી રેવન્યુ દફતરે આવેલ પ્લોટ જે તાડ ફળિયામાં આવેલ હોય જે પ્લોટ પર અરજદારે મકાન બનાવેલ હોય જે મિલ્કત શ્રી સવિતાબેન ગાંડાભાઇ રાઠોડ નામે કરવા તેમજ મકાનની આકારણી ૧૦૦૦૦/- કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૧૫ શ્રી સંતોષ સુરેશકુમાર ગુર્જર વિગેરે ની અરજી

ઠરાવ નં ૩/૧૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સંતોષ સુરેશકુમાર ગુર્જર વિગેરે રહે: વરેલી ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૮૪/અ પ્રવેશ રેસીડેન્સી એ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૨+૩ સંતોષ સુરેશકુમાર ગુર્જર અને શાંતિદેવી સોનુકુમાર ગુર્જર એ દસ્તાવેજ નંબર ૭૮૯૭/૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે.જે બિલ્ડીંગ નું નામ અલ-કરીમ આપેલ છે. આ

આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફ્ટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૧ દુકાન અને ૭ રૂમ, પ્રથમમાળે ૮ રૂમ તથા બીજામાળે ૮ રૂમ તથા ત્રીજામાળે ૮ રૂમ નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૩૨ મિલકતો ની કુલ આકારણી રૂા.૧૬,૫૦,૦૦૦/- કરવા અને ૩૨ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૬ શ્રી નરેન્દ્રભાઇ ઝીણાભાઇ નરસિંહભાઇ પટેલ ની અરજી

ઠરાવનં ૩/૧૬ આજ રોજની સભા સમક્ષ અરજદારશ્રી નરેન્દ્રભાઇ ઝીણાભાઇ નરસિંહભાઇ પટેલ ની અરજી વાંચનમાં લેવામાં આવી. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૨૨૦ માં આવેલ ઓમ સાંઇ રેસીડેન્સી માં આવેલ દુકાન કે જેની આકારણી ગ્રામ પંચાયત દફતરે મિલ્કત નંબર ૧૮૦૦/૨૪ થી થયેલ છે જે નરેન્દ્રભાઇ ઝીણાભાઇ નરસિંહભાઇ પટેલ ના નામે આવેલ છે. જે મિલકત મેસર્સ ઓમસાંઇ ડેવલોપર્સ ના ભાગીદારી પેઢીના નામ પરથી ગ્રામ પંચાયત ની સામાન્ય સભા તા ૨૫/૦૬/૨૦૨૦ ના ઠરાવનં ૩(૧)(૩) થી અરજદાર ના નામે થયેલ છે. પરંતુ દસ્તાવેજના આધારે ચકાસણી કરતા મિલકત નંબર ૧૮૦૦/૨૭ અરજદારના નામે છે. જે શરતચૂકથી મિ.નં ૧૮૦૦/૨૪ માં નામફેર થયેલ છે તેનો સુધારો કરવા અરજી કરેલ છે. ચર્ચા વિચારણાને અંતે અરજદારની અરજી મંજુર રાખી મિલ્કત નંબર ૧૮૦૦/૨૪ જે અરજદારના નામ ફેરબદલ માં ભૂલ થયેલ છે તેમના રજીસ્ટર દસ્તાવેજના આધારે મિલકત નંબર ૧૮૦૦/૨૪ જે અરજદાર ના નામ પરથી મૂળ માલિક ઓમસાંઇ ડેવલોપર્સ ના ભાગીદારી પેઢી ના નામે કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે. "ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૭ શ્રી અનિલકુમાર નોતનદાસ પારવાણી વિગેરે ની અરજી.

ઠરાવનં ૩/૨૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી અનિલકુમાર નોતનદાસ પારવાણી વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું.વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૪૯૮ પૈકી એ/૧ અને એ/૨ વાળી મિલકત કે જેની આકારણી ગ્રામ પંચાયત દફતરે મિ.નં ૧૪૦૮ ગોયલ ઇન્ડસ્ટ્રીઝ લી સુરત ના નામે ચાલે છે. સદરહુ મિલકત રૂલ્સ એન્ડ રેગ્યુલેશન મુજબ જાહેર હરાજી થતા આઇ ડી બી આઇ બેંક ના મેનેજર શ્રી એમ અશોકન પાસેથી રજીસ્ટર દસ્તાવેજ નંબર ૧૫૯૮ તા ૨૫/૦૩/૨૦૧૪ થી અંકિતા વિપુલ શરાફ તે અંકિતા એન્ટરપ્રાઇઝ ના પ્રોપરાઇટર ને વેચાણ લીધેલ છે. ત્યાર બાદ સદરહુ મિલકત રજીસ્ટર દસ્તાવેજ નંબર ૩૯૬૪ તારીખ ૧૯/૦૬/૨૦૧૪ થી શ્રી અનિલકુમાર નોતનદાસ પારવાણી, જયપ્રકાશ નોતનદાસ પારવાણી, શ્યામસુંદર નોતનદાસ પારવાણી એ વેચાણ રાખેલ છે. જેથી મિલકત નંબર ૧૪૦૮ માં શ્રી અનિલકુમાર નોતનદાસ પારવાણી, જયપ્રકાશ નોતનદાસ પારવાણી, શ્યામસુંદર નોતનદાસ પારવાણી નું નામ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે. "ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૮ શ્રી સવિતાબેન છગનભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૧૮ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સવિતાબેન છગનભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર-૩૮૫ મંગુ છીબા રાઠોડ, છગન છીબા રાઠોડ ના નામે આવેલ છે.શ્રી છગનભાઇ છીબાભાઇ રાઠોડ તારીખ:૦૮/૦૫/૨૦૧૫ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ છગનભાઇ છીબાભાઇ રાઠોડ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી લલિતાબેન છગનભાઇ રાઠોડ(પત્ની) મરણ તા ૩૧/૦૭/૨૦૨૩ (૨)શ્રી સવિતાબેન છગનભાઇ રાઠોડ (પુત્રી) હયાત આમ એક હયાત વારસદાર નું નામ દાખલ કરવા અને છગનભાઇ છીબાભાઇ રાઠોડ નું નામ કમી કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૯ શ્રી શાંતિબેન ઠાકોરભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૧૯ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી શાંતિબેન ઠાકોરભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિ.નં ૩૫૪ જે ઠાકોરભાઇ ભાણાભાઇ રાઠોડ ના નામે આવેલ છે. શ્રી ઠાકોરભાઇ ભાણાભાઇ રાઠોડ તારીખ:૦૪/૦૪/૨૦૨૨ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ ઠાકોરભાઇ ભાણાભાઇ રાઠોડ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા, હક્ક કમીના કરાર રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી શાંતિબેન ઠાકોરભાઇ રાઠોડ (પત્ની) હયાત (૨)શ્રી વર્ષાબેન ઠાકોરભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૩)શ્રી રમેશભાઇ ઠાકોરભાઇ રાઠોડ (પુત્ર) (મરણ) તા ૧૬/૦૧/૨૦૧૨ હોવાથી તેમના સીધી લીટીના વારસો ના નામ આ મુજબ છે. (૩.૧)શ્રી કલ્પનાબેન રમેશભાઇ રાઠોડ(પુત્રવધુ) હયાત (૩.૨)શ્રી સગીર કોમલબેન રમેશભાઇ રાઠોડ (પૌત્રી) હયાત (૩.૩)શ્રી સગીર જયેશભાઇ રમેશભાઇ રાઠોડ (પૌત્ર) હયાત આમ વારસોના નામ આવેલ છે. જે પૈકી અનુ. નં (૨)શ્રી વર્ષાબેન ઠાકોરભાઇ રાઠોડ (પુત્રી) હયાત અને (૩.૧)શ્રી કલ્પનાબેન રમેશભાઇ રાઠોડ(પુત્રવધુ) હયાત એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૪૬૭૫/૨૦૨૩-બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી શાંતિબેન ઠાકોરભાઇ રાઠોડ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિ.નં ૩૫૪ માંથી ઠાકોરભાઇ ભાણાભાઇ રાઠોડ નું નામ કમી કરી શ્રી શાંતિબેન ઠાકોરભાઇ રાઠોડ, શ્રી સગીર કોમલબેન રમેશભાઇ રાઠોડ, શ્રી સગીર જયેશભાઇ રમેશભાઇ રાઠોડ નું નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૨૦ શ્રી ગીતાબેન સુરેશભાઇ રાઠોડની અરજી.

ઠરાવા નં ૩/૨૦ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ગીતાબેન સુરેશભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે ચંદ્રનગર માં આવેલ મિ.નં ૧૧૩૩/ક અરજદારશ્રીના પોતાના નામે ચાલે છે. સદર મિલ્કત માં તેઓનું નમ ગીતાબેન સુરેશભાઇ રાઠોડ તરીકે ચાલે છે. પરંતુ તેઓના લગ્ન બાદ તમામ પુરાવાઓ માં તેઓનું નામ ગીતાબેન નીતીનભાઇ પટેલ તરીકે ચાલી આવેલ છે. આથી સદર નામમાં સુધારો કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં મજકુર મિલ્કત માં ગીતાબેન સુરેશભાઇ રાઠોડની પુત્રી અને નીતીનભાઇ પટેલની પત્ની તે મુજબ સુધારો કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૨૧ શ્રી મલેક જેનબ મહમદ અલ્તાફની અરજી

ઠરાવ નં ૩/૨૧ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મલેક જેનબ મહમદ અલ્તાફ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૮૫/બ/૨ પ્રવેશ રેસીડેન્સી બી વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૧+૨ વાળી મિલ્ક્ત મલેક જેનબ મહમદ અલ્તાફ એ દસ્તાવેજ નંબર ૬૧૭૮/૨૦૨૨ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા

વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૧ દુકાન અને ૩ રૂમ, પ્રથમમાળે ૪ રૂમ તથા બીજામાળે ૪ રૂમ તથા ત્રીજામાળે ૪ રૂમ નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૧૬ મિલકતો ની કુલ આકારણી રૂા.૮,૫૦,૦૦૦/- કરવા અને ૧૬ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે. “ઠરાવ સર્વાનુમતે મંજુર”

કામનં ૪ આવક જાવકના હિસાબને મંજુર કરવા બાબત.
ઠરાવનં ૪ આજ રોજ મળેલ સભા સમક્ષ માહે ઓગષ્ટ- ૨૦૨૩ ના થયેલ આવક જાવકના હિસાબને વંચાણે લેવામાં આવ્યો. સભા સમક્ષ નીચે મુજબ હિસાબો રજુ કરવામાં આવ્યા.

| ૨૦૨૩ ઓગષ્ટ- આવક | | ૨૦૨૩ **ઓગષ્ટ-** જાવક | |
|---|---|---|---|
| આવક સદર | કુલ | જાવક સદર | કુલ |
| ઘરવેરો | ૫૯૧૭૮૦.૦૦ | પગાર ખાતે | ૧૨૫૨૮૦.૦૦ |
| જિ.પં કર | ૫૯૧૭૯.૦૦ | ડોર ટુ ડોર કચરા નિકાલ | ૧૨૫૦૦૦.૦૦ |
| લાઇટવેરો | ૫૧૦૩૦.૦૦ | રુર્બન ગટર સફાઇ ખાતે | ૯૫૪૦૦.૦૦ |
| પાણીવેરો | ૨૧૩૦૦.૦૦ | કચરાપેટી ખરીદી ખાતે | ૪૭૪૮૧૦.૦૦ |
| સફાઇવેરો | ૧૦૭૧૫૦.૦૦ | ગ્રામ સફાઇ ખાતે | ૪૬૮૦૦.૦૦ |
| વ્યવસાયવેરો R.C | ૨૧૧૨૩૯૦.૦૦ | ઓફિસ સાદિલવાર | ૫૩૫૧૧.૦૦ |
| વ્યવસાયવેરો E.C | ૩૩૪૦૦.૦૦ | સ્ટ્રીટ લાઇટ માલસામાન | ૫૦૬૦૦.૦૦ |
| કેબિનભાડું | ૧૫૦૦.૦૦ | આરોગ્ય ખાતે | ૧૭૯૦૦.૦૦ |
| ગટરવેરો | ૪૮૦૦૦.૦૦ | તાલુકા પંચાયત કર ખાતે | ૭૨૬૨૫.૦૦ |
| નકલ ફી | ૨૪૯૬.૦૦ | સદગુરુ પ્રા.શાળા રીપેરીંગ ગ્રાન્ટ | ૩૮૧૬૦૦.૦૦ |
| માર્કેટ ભાડું | ૫૨૮૦.૦૦ | TDS સ્વભંડોળ | ૧૦૬૬૪૨.૦૦ |
| બેંક વ્યાજ | ૩૩૯૨૩૧.૦૦ | GST સ્વભંડોળ | ૧૯૬૫૭૮.૦૦ |
| ટાવર ભાડું | ૩૪૬૫૦૦.૦૦ | લેબર શેષ સ્વભંડોળ | ૧૧૧૧૩૮.૦૦ |
| તાલુકા પંચાયત કર | ૨૩૪૧૯.૦૦ | બાગકામ તથા રમતગમત સાધનો ખાતે | ૧૬૧૫૦.૦૦ |
| નળ કનેકશન ફી | ૨૫૦૦.૦૦ | પર્વ ઉજવણી ખાતે | ૧૨૨૨૦.૦૦ |
| જન્મ મરણ લેટ ફી | ૨૦.૦૦ | | |
| સદગુરુ પ્રા. શાળા રિપેર ગ્રાંટ | ૩૯૫૦૨૦.૦૦ | | |
| લગ્ન નોંધણી ફી | ૨૩૦.૦૦ | | |
| **કુલ** | ૪૧૪૦૪૨૫.૦૦ | **કુલ** | ૧૮૮૬૨૫૪.૦૦ |
| **ઉઘડતી સિલ્લક** | ૩૯૮૩૮૩૯૬.૨૦ | **બંધ સિલ્લક** | ૪૨૦૯૨૫૬૭.૨૦ |
| **કુલ એકંદર** | ૪૩૯૭૮૮૨૧.૨૦ | **કુલ એકંદર** | ૪૩૯૭૮૮૨૧.૨૦ |

ઉપર મુજબના હિસાબો આજની સભામાં વંચાણે લઇ ચર્ચા વિચારણા કરવામાં આવી. ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ ખર્ચ દર્શાવેલ કામો અને ખરીદેલ માલસામાન ની ગ્રામ પંચાયત પલસાણા ને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૯૯ અનુસુચિ-૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો. આવક અને થયેલ કામો તથા ખરીદેલ વસ્તુઓના પ્રમાણમાં ખર્ચ વ્યાજબી હોઇ આજની સભા પુખ્ત ચર્ચા પરામર્શના અંતે માહે ઓગષ્ટ - ૨૦૨૩ માસનો આવક ખર્ચના હિસાબો સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવે છે.
“ઠરાવ સર્વાનુમતે મંજુર”

કામનં ૫ ખર્ચના બિલોના વંચાણે લઇ બહાલી/મંજુરી આપવા બાબત
ઠરાવનં ૫ આજની સભામાં ગ્રામ પંચાયત પલસાણા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામો તથા ખરીદ કરેલ માલ સામાન તથા સફાઇ કામગીરી તથા રીપેરીંગના કામો, જેસીબી/ટ્રેકટરનું કામ, મેટલ રોડના કામો, ડામર રોડના કામો, પેવર બ્લોક/આર.સી.સી.રોડના કામો, ગટરલાઇનના કામો, પીવાના પાણીની નવી લાઇન નાંખવા તથા રીપેરીંગના કામો અને સ્ટ્રીટલાઇટ રીપેરીંગ અને નવી લાઇટોના કામો વિગરે,પેવરબ્લોક રીપેરીંગ કામ બીલોનું વિગતે વાંચન કરવામાં આવ્યું. તેમાં બતાવેલ ખર્ચ ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવેલ કામો અને ખરીદવામાં આવેલ માલસામાન તથા વિકાસ કામો માટેનો છે. જે દર્શાવેલ વિગતનો ખર્ચ પંચાયતે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૯૯ ની અનુસુચિ ૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો અને થયેલ ખર્ચ કામના પ્રમાણમાં બરાબર છે. તથા કામો એકંદરે સંતોષકારક રીતે પૂર્ણ થયેલ છે. સબબ આ બાબતે પુખ્ત ચર્ચા વિચારણાના અંતે તમામ બિલો

તથા અન્ય વહીવટી ખર્ચ તથા વિકાસ કામોના બીલો આજની સભામાં મંજૂર રાખી ચુકવણું કરવા તથા ખર્ચ થયેલ બીલોને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૬ વિકાસ કામોની ચર્ચા કરવા બાબત

ઠરાવનં ૬ આજની સભામાં પલસાણા ગામે હાલમાં વિવિધ યોજનાકીય કામો પલસાણા ગ્રામ પંચાયતના વિસ્તારમાં વિકાસના થયેલ કામો તથા જે કામો ચાલી રહેલ છે. તે કામો એકદંરે સંતોષકારક હોઇ સદરહુ બાબતે ચર્ચા પરામર્શના અંતે એકંદરે સંતોષ વ્યક્ત કરે છે. અને અધૂરા કામો સમયસર પૂર્ણ કરવા ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત નીચે મુજબના કામો ગ્રામ પંચાયત સ્વભંડોળ તથા ૧૫ માં નાણાંપંચ યોજનામાં આયોજન હેઠળ લેવા નક્કી કરવામાં આવે છે.નીચે મુજબના કામો ૧૫ મા નાણાપંચ યોજનાની ગાઇડલાઇન મુજબના જણાય તો સદર કામોને ૧૫ માં નાણાપંચ યોજનામાં પૂર્ણ કરવા પ્રાથમિકતા આપવા આજની સભા જણાવે છે.

(૧) પોંસરા ફળિયા ટાંકી વોટરપ્રુફિંગ કરવા બાબત
(૨) પલસાણા ગામે કચેરીથી ને.હા-૪૮ સુધી કેમેરા ફીટીંગ કરવા બાબત
(૩) પલસાણા ગામે આહિરવાસથી પલસાણા હાઇવે ચોકડી સુધી કેમેરા ફીટીંગ કરવા બાબત
(૪)પલસાણા ગામે કચેરીથી મામલતદાર ઓફિસ સુધી કેમેરા ફીટીંગ કરવા બાબત
(૫) ગટર,પાણી લાઇન, સફાઇ વિગેરે દૈનિક ફરિયાદો માટે ઓનલાઇન એપ/પોર્ટલ બનાવવા બાબત
(૬) સાંઇ પ્રેરણા સોસાયટીમાં ગટરલાઇનનું કામ
(૭) સાંઇ પ્રેરણા સોસાયટીમાં પીવાના પાણીની લાઇનનું કામ
(૮) રાજુભાઇ ખમણવાળાના ઘર પાસે ગટરલાઇનનું કામ
(૯) તાડ ફળિયામાં ગટરલાઇનનું કામ
(૧૦) સાંઇ પ્રેરણા સોસાયટીમાં વાસુભાઇ વાળંદના ઘર પાસે પેવર બ્લોકનું કામ
(૧૧) મેઘા પ્લાઝામાં ગટરલાઇનનું કામ
(૧૨) પલસાણા હાઇવે આહિરવાસ નિશા બાપા મંદિરની પાછળ માં પેવર બ્લોક નું કામ
(૧૩ આગામી તહેવારોને ધ્યાને લઇ માણસો રોકી સાફ સફાઇ કરાવવા બાબત
(૧૪) પલસાણા ગ્રામ્ય વિસ્તારોમાં જંતુનાશક દવા છંટકાવ કરવા બાબત
(૧૫) રખડતાં પશુઓ માટે નિકાલ કરવા જાહેરાત કરાવી પાંજરાપોળ ખાતે જમા કરાવવા માટે યોગ્ય કાર્યવાહી કરવા બાબત
(૧૬) ગેસલાઇન નાખવાથી નુકશાન થયેલ પેવરબ્લોક/રસ્તાઓ રીપેર કરવા બાબત
(૧૭) સુર્યાંશી રેસીડેન્સીમાં પેવર બ્લોકનું કામ ( બ્લોક નં ૬૪૩)

ઉપરોક્ત વિકાસના કામો અંગે આગામી સમયમાં આયોજન હેઠળ લેવા માટે નક્કી કરેલ હોય ઉપર મુજબના કામો આયોજનમાં

લઇ સદર કામો વિકાસ યોજનાઓ માટેના સને ૧૯૯૫ ના નિયમો હેઠળ નિયમ-૪ મુજબના હોય આજની સભા સદર કામો કરવા અંગે વહીવટી મંજુરી આપવા ઠરાવે છે. તેમજ તેને લગતા ભાવપત્રકો મંગાવી, મંજુર કરવા તથા ચુકવણા કરવા સહિતની તમામ કાર્યવાહી કરવા સરપંચશ્રી ગ્રામ પંચાયત પલસાણા ને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૭ પ્રમુખ સ્થાનેથી રજૂ થતા કામો બાબત.

ઠરાવનં ૭ આજની સભામાં પ્રમુખ સ્થાનેથી કોઈ કામો રજુ કરવામાં આવેલ નથી. જેની આજની સભાએ નોંધ લીધી છે. .

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

આમ, ઉપરોક્ત કાર્યવાહી મુજબ એજન્ડા મુજબના કામો પૂર્ણ થતા હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

નકલ રવાના:-
(૧) પ્રતિ,
સરપંચશ્રી, ઉપસરપંચશ્રી અને સભ્યશ્રીઓ તમામ
ગ્રામ પંચાયત પલસાણા, તા.પલસાણા તરફ
૨/- જાણ થવા સારૂં

નકલ સવિનય રવાના:-
(૧) પ્રતિ,
મહે. તાલુકા વિકાસ અધિકારી સાહેબ,
તાલુકા પંચાયત કચેરી પલસાણા તરફ
૨/- જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.